P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4109-9 તારીખ : 19-6-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
માંધીબેન સવાભાઇ ગોજીયા
મું. પો. : કોઠા વિસોત્રી , તા. : ખંભાળિયા, જી. : દેવભૂમિ દ્વારકા-૩૬૧૩૧૦,
મોબાઈલ : ૯૭૨૩૦ ૩૪૮૮૮

વિષય : નવા ખેતીવાડી જોડાણ અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૦-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૩/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીના દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. અજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ વી.કં.લી.. રાજકોટ

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખંભાલીયા.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી.. પેટા વિભાગીય કચેરી, વડાત્રા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-૧/૨૦૧૯-૨૦/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG- ૨૩/ક્વા-૧/૨૦૧૯-૨૦**

| | |
|---|---|
| અરજદાર: | માધીબેન સવાભાઇ ગોજીયા ગામ: કોઠા વિસોત્રી |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ખંભાલીયા |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી આર.વી.સોમાણી વિભાગીય કચેરી – ખંભાલીયા |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર |
| તારીખ: | ૧૧-૦૬-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૬-૨૦૧૯ ( મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર માધીબેન સવાભાઇ ગોજીયા, ગામ:કોઠા વિસોત્રી તેઓની અરજી ના નોંધણી નંબર :૨૩/ક્વા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓએ ગામ: વિસોત્રી ના સર્વે નંબર: ૯૫ પૈકી ૩ માં ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ – જે મંજુર થતા – જરૂરી આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ – તેમજ, અન્ડર ટેકીગ ફોર્મ મા ફરજીયાત– અરજદાર ના સસરા તેમજ દાદાનુ નામ લખવાની ફરજ પાડેલ. જે અંગેના પરીપત્ર માટે પુછતા જણાયેલ કે, સદર બાબતે મૌખિક સુચના આપેલ. અરજદાર ના સસરા રામ ભીમા ગોજીયાના નામથી ગ્રાહક નં. –૮૮૯૪૯/૦૦૦૨૪/૫ થી ઘરવપરાશ વીજજોડાણ પેટે રૂ.૬,૫૨૦/– બાકી લેણી રકમ હોય – જે ભરપાઈ થયે વીજજોડાણ આપવામા આવશે, તેમ સામેવાળા દ્રારા જણાવેલ. સદર વીજજોડાણ વાળુ મકાન આશરે ૩૦ વર્ષ થી વેચાણ થઈ ગયેલ છે. જેથી, જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન: ૦૪/૨૦૧૫ ના મુદદા નં.૪.૩૦રાયેલ જોગવાઈ મુજબ – '' અરજદાર ના નામની અથવા માંગણી મુજબ ના સ્થળ પર અરજદાર ના નામની કે માંગણી મુજબ ના સ્થળ ઉપર અગાઉ ની એરીયર્સ બાકી હોયતો તે સ્થળ ઉપર નવુ વીજજોડાણ આપી ન શકાય. આમ, સદર કેઈસ મા, અરજદાર ના નામની એરીયર્સ ન હોય, કે માંગણી મુજબ ના સ્થળ પર કૌટુંબીક સગાના નામનુ

બાકી લેણી રકમ હોય, જે ભરપાઈ કરવાની ફરજ પાડી ન શકાય. તે અન્વયે અરજદારે તેઓના વીજજોડાણ આપવાની કાર્યવાહી ત્વરીતે કરવા – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- માધીબેન સવાભાઇ ગોજિયા રે. કોઠા વિસોત્રી એ સર્વે નંબર ૯૫/૩ માં ખેતીવાડી હેતુ માટે રૂપિયા ૨૦૦/- રસીદ નંબર ૭૫૦૦૮૭ તારીખ ૨૯.૦૩.૨૦૧૭ ભરપાઈ કરી નું વીજ જોડાણ માગેલ છે જેના જીપી નંબર ૧૧૯ છે. ક્રમ મુજબ વારો આવતા આગળ ની કાર્યવાહી માટે તાજેતરનાં દસ્તાવેજો ચકાસવાના હોય અરજદાર દ્વારા દસ્તાવેજો ૭/૧૨-૮અ હક્ક પત્રક વિગેરે રજૂ કરેલ. નીલ અરિયર્સ પ્રમાણપત્ર માટે મજકૂર અરજદાર નો ઓફિસ રેકોર્ડ ચકસતા રામ ભિમા ગ્રાહક નંબર ૮૮૯૪૯.૦૦૦૨૪.૦૫ ( પીડીસી) માં રૂપિયા ૬૫૨૦/- બાકી હોય મજકૂર સાથે ના સંબધ ની સ્પષ્ટતા કરવા જણાવતા, અરજદાર નારાજ થતા ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.

૩.૧ વડત્રા કચેરી ના પત્ર નંબર વીએસડી/રેવ/5861 તારીખ-07.06.2019 મુજબ રામ ભિમા ગ્રાહક નંબર ૮૮૯૪૯.૦૦૦૨૪.૦૫ ( પીડીસી) ના બાકી રકમ રૂપિયા ૬૫૨૦/- નું અમ્નેસ્ટી યોજના 2017 હેઠળ રૂપિયા 500/- રસીદ નંબર 517291 તારીખ 30.5.2019 ના રોજ વસૂલી સમાધાન કરેલ છે આમ સપ્લાય કોડ 2015 પેરા 4.30 મુજબ અરજદાર ના નામની અથવા માંગણી વાળા સ્થળ ઉપર કોઈ રકમ બાકી ન હોય રેવન્યુ વિભાગ વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા નીલ અરિયર્સ બાબતે ઘટતી કાર્યવાહી કરી દેવામાં આવેલ છે.

૩.૨ વડત્રા પેટા વિભાગીય કચેરી માં ખેતીવાડી વીજ જોડાણ આપવામાં હાલ મજકૂર ને અંદાજ પત્રક આપવામાં વારો આવેલ નથી. તેઓને અગ્રતાક્રમ મુજબા અંદાજ પત્રક પાઠવવામા આવશે

3.3 વધુમાં આજ તારીખ ૦૭.૦૬.૨૦૧૯ ના રોજ અરજદાર ને સદર કાર્યવાહી બાબતે રૂબરૂ સમજ આપેલ છે જે બાબતે અરજદાર ને સંતોષ થયેલ છે. જે બદલ અરજદારે તારીખ ૦૭.૦૬.૨૦૧૯ ના સમાધાન પુરસિસમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ થી ૩.૩ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૦૭.૦૬.૨૦૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ સદર ફરિયાદ નો આ તબ્બકે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |